# સંઘ પ્રદેશ દાદરા અને નગરહવેલી અને દમણ અને દીવ,
# સહાયક મત્સ્યોધોગ અધીક્ષક કાર્યાલય,
# દીવ

************************************************************

સં. એએસએફડી/79/NFDP/2024-25/2061 તારીખ :- 25/03/2025

## સાર્વજનિક સૂચના

દીવ જીલ્લા ના બોટ માલિકો, માછીમાર ભાઇઓ, ફિશિંગ બોટનું સંચાલનકર્તા, જથ્થાબંધ તથા છુટક માછલીના વેપારીઓ તથા મત્સ્યોધોગ સાથે સંકળાયેલ તમામ માછીમાર ભાઇઓ અને બહેનોને જણાવવાનું કે ભારત સરકાર ના મત્સ્યોધોગ, પશુપાલન અને ડેરી મંત્રાલય, નવી દિલ્હી તરફથી મળતી જન કલ્યાણ યોજનાઓ નો લાભ વધુ ને વધુ માછીમાર મેળવી શકે તે હેતુ થી નેશનલ ફીશરીઝ ડીઝીટલ પ્લેટફોર્મ (NFDP Portal) મારફત દરેક માછીમાર ભાઇઓ-બહેનોએ રજીસ્ટ્રેશન કરાવવું ખૂબ જ જરૂરી છે. NFDP એ PM-MKSSY જે PMSSY યોજના હેઠળ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં દાદરા નગર હવેલી અને દમણ અને દીવ જિલ્લા ના મત્સ્યોધ્યોગ સાથે સંકળાયેલા લોકો જેમકે બોટ માલિકો, ફિશિંગ જતાં માછીમારો, માછીમારી ના કાર્ય સાથે સંકળાયેલા કામદારો, વિક્રેતાઓ અને પ્રોસેસર્સ સહિત માઇક્રો અને નાની-માછીમારી સાથે સંકળાયેલા ધંધાર્થીઓ, પ્રોસેસીંગ પ્લાન્ટ/ કોલ્ડ સ્ટોરેજ અને મત્સયોધોગ સંલગ્ન કંપનીઓ તથા મત્સયોધોગ સહકારી મંડળીઓ ને નેશનલ ફીશરીઝ ડીઝીટલ પ્લેટફોર્મ (NFDP Portal) ઉપર નોંધણી કાર્ય ચાલુ છે અને અનિવાર્યપણે કરાવવાનું રહેશે અને તેનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી લેવાનું રહેશે. ભવિષ્યમાં ફીશરીઝ ની કોઇપણ યોજનાઓનો લાભ NFDP Portal ઉપર નોંધણી થયેલ હોય તેમજ તેનું પ્રમાણપત્ર હોય તેવા સક્રિય માછીમારોને તેમજ મત્સ્યોધોગ સાથે સંકળાયેલ તમામ માછીમાર ભાઇઓ અને બહેનોને મળવાપાત્ર રહેશે તેની જાણ કરવામાં આવે છે.

દીવ જીલ્લાના માછીમાર ભાઇઓ તેમજ માછીમારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ભાઇઓ-બહેનોને નેશનલ ફીશરીઝ ડીઝીટલ પ્લેટફોર્મ (NFDP Portal) રજિસ્ટ્રેશન માટે પોતાના જરૂરી ડોક્યુમેન્ટ જેમકે આધાર કાર્ડ પ્રતિ, બેન્ક ખાતા પ્રતિ, આધાર કાર્ડ સાથે લિન્ક મોબાઇલ નંબર સાથે મત્સ્યોધ્યોગ કચેરી, દીવ અથવા મત્સ્યોધ્યોગ કચેરી, વણાકબારા માં કરાવવાનું રહેશે તેમજ સ્વયં પણ ઓનલાઇન વેબસાઇટ **(NFDP site – nfdp.dof.gov.in/nfdp/#/registration/individual** પર રજિસ્ટ્રેશન કરી શકે છે (એન્ટ્રી કરવાની માહિતી અને વિડીયો નમૂનારૂપે સામેલ છે).

(સુકર આંજણી)
સહાયક મત્સ્યોધ્યોગ અધીક્ષક, દીવ
ઈમેલ- fish-diu-dd@nic.in
Tel No. 02875-252859

સેવામાં,

1. પ્રમુખશ્રી, દીવ જીલ્લા મત્સ્ય કો.ઓ.સોસાયટીઓ } જાણકારી તથા વધુમાં વધુ
2. પ્રમુખશ્રી, દીવ જીલ્લા માછીમાર એસોશિયેસન, વણાકબારા }
3. પ્રમુખશ્રી, માછીમાર એસોશિયેસન, વણાકબારા, સાઉદવાડી, બુચરવાડા,ઘોઘલા,દીવ } પ્રચાર- પ્રસાર માટે
4. "દીવસાગર" મોબાઇલ એપ ના Circular મેનૂ દ્વારા દરેક બોટ માલિકોને જાણકારી

પ્રતિલિપિ પ્રેષિત:-

1. માનનીય કલેક્ટર સાહેબ, કલેક્ટર કચેરી, દીવ } ........... જાણકારી માટે
2. નિદેશક અને ઉપ સચિવ (મત્સ્યોધ્યોગ), દમણ }

| એન્ટ્રી કરવાની માહિતી | વ્યવશાય (Occupation) | Major Area of Operation | Sub Area of Operation | Species | Assets |
|---|---|---|---|---|---|
| માછલી વેચાણ બહેનો અને ભાઇઓ માટે | SALES & MARKETING | Marine Water (SALES & MARKETING BUSINESS OPERATOR) | Marine Water[SALES & MARKETING BUSINESS OPERATOR | ખાલી રાખવું | ખાલી રાખવું |
| ફિશિંગ બોટ માલિક, બોટમાં જતાં ટંડેલ, ખલાસીઓ માટે | FISHER (FISHING) | Marine Water (Fisher(Fishing) | [Marine Water][fisher (Fishing)] | ખાલી રાખવું | ટ્રોલર નેટ/ગીલ નેટ |
| વેચાણ અને માર્કેટિંગ વ્યવસાય ઓપરેટર | SALES & MARKETING BUSINESS OPERATOR | Marine Water (SALES & MARKETING BUSINESS OPERATOR) | Retailer (fixed Mobile) Marine Water[SALES & MARKETING BUSINESS OPERATOR | ખાલી રાખવું | ખાલી રાખવું |
| આઇસ ફેક્ટરી ના માલિકો | ICE PLANT OWNER | Marine Water (Ice Plant Owner) | Ice Block(Ice Plant Owner) | ખાલી રાખવું | |
| માછલી પકડવાની નેટ બનાવનાર /ચીવનાર | FISHING NET MAKER | Marine Water | Giillnet, Trawlernet, Castnet | ખાલી રાખવું | ખાલી રાખવું |
| જમીન પર મત્સ્યોધ્યોગ ને લગતા કામ કરનાર- ભાઈઓ અને બહેનો માટે | FISH WORKER | Marine Water (Fishing Net Maker) | NA (Marine) | ખાલી રાખવું | ખાલી રાખવું |